

સ્વચ્છતા અભિયાન : ગાંધીનગર શહેરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના નેતૃત્વમાં શહેરના મુખ્ય બજારોમાં સ્વચ્છતા અભઈયાનને વેગ અપાયો હતો. મહિલા ભાજપ પરિવાર દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યા મહિલા કાર્યકરો જોડાયા હતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ સંગત- ૨૦૧૫ આજથી પ્રારંભ કરવામાં હતો. એલડીઆરપી કોલેજ કેમ્પસ, સેકટર-૧૫, ખાતેથી રેલીનું પ્રસ્થાન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ.પટેલના હસ્તે લીલી ઝંડી ફરકાવીને કરવામાં આવ્યું હતું.

નારી તુ નારાયણી થીમ બેજ યુવક મહોત્સવ સંગત-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. થીમ આધારીત વિવિધ ૩૮ કોલેજોએ પોતાની વિવિધ વિષયોને ટેમ્બોઝ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. રેલીમાં નારી નારાયણીની વિવિધ શક્તિઓ -ગટ કરતી કૃતિઓ પ્રસ્તુત કરી હતી. રેલીમાં ઉંટલારી, ટ્રેક્ટર, વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રેલી

જેમાં પ્રથમ દિવસે કલાસીકલ વોકલસોલો, કલાસીકલ ઈન્સસ્ટુમેન્ટ, લાઈટ વોકલ, વેસ્ટન ગૃપ ડાન્સ, કવીઝ, વકૃતત્વ, કાવ્યલેખન, કાવ્ય પઠન જેવી ૧૨ સ્પર્ધાઓ યોજાઈ હતી.

૨૦૧૫નો ઉદઘાટન સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે નાથીબા હોલ સેકટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમહેમાન તરીકે મલ્લીકાબહેન સારાભાઈ, કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, કડી યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, યજમાન કોલેજના આચાર્ય ગૌરાંગભાઈ શાહ, સહિત વિવિધ કોલેજોના ડાયરેકટરશ્રીઓ, આચાર્યો, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યુવક મહોત્સવના ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલા મલ્લિકા સારાભાઈએ યુવકમહોત્સવના થીમ નારી તુ નારાયણી થીમ વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ હતું. જયારે ડો. કનુભાઈ પટેલે સંસ્થાનો પરિચય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરીની પૂર્વે સ્વાગત તૈયારી રૂપે મેઝીક હેટ પ્રીસ્કૂલના નાના ભુલકાઓએ સુંદર રજુઆત કરી હતી. ચક દે ઈન્ડિયા..., દેશ રંગીલા.. જેવા દેશભક્તિ ગીતો પર પોતાની આગવી સ્ટાઈલમાં નૃત્યો રજુ કર્યા હતા. નાનકડા હાથોમાં ત્રિરંગો લહેરાવતા જુસ્સાભેર વંદે માતરમ્, ભારત માતા કી જયના નારાઓ લગાવ્યા હતા. આ જોઈ જરૂરથી થાય કે આવતીકાલ ખરેખર સુવર્ણ હશે..! (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રાંતિય નૃત્યોથી શાળાનું પટાંગણ દેશભક્તિમાં રંગાયું

## એસ.જી. પ્રાથમિક શાળામાં કલબેલિયા, ભાંગડા, ઓનમ વગેરે નૃત્યો યોજાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળામાં આજે સવારે રેડ ગૃપ, યલો ગૃપ, ઓરેન્જ ગૃપ, બ્લ્યુ ગૃપ અને ગ્રીન ગૃપના બાળકો દ્વારા ભારતદેશની સંસ્કૃતિને ઉજાગર કરતો પ્રાંત નૃત્યોનો સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં દરેક ગૃપના બાળાઓએ સુંદર રીતે રાજસ્થાની, પંજાબી, કેરલીયન વગેરે રાજ્યોના જાણીતા લોકનૃત્યો પ્રાદેશિક વેશભૂષામાં રજૂ કરી વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સહભાગી બનીને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

એસ.જી.ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી શાળામાં આજે સવારે જુદા જુદા રાજ્યોની સંસ્કૃતિને ઉજાગર કરતો પ્રાદેશિક નૃત્યોનો રંગારંગ સંગીતબદ્ધ કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સી.એમ. સૂકલના આચાર્ય બચુભાઈ પટેલ, મમતા સેન્ટરના દીનાબેન ડોડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આચાર્યા મિલીસિંહે મહેમાનોનો પરિચય આપી શુભેચ્છાપત્રથી તેમનું અભિવાદન કર્યુ હતું. સમગ્ર સ્પર્ધઆમાં યલો ગૃપનો પ્રથમ નંબર, ગ્રીન ગૃપનો દ્વિતીય નંબર અને ઓરેન્જ ગૃપનો તૃતીય નંબર આવ્યો હતો. કેરાલીયન ડાન્સ, પંજાબી ડાન્સ, કલબેલીયા ડાન્સને નિહાળીને વિદ્યાર્થીઓ ઉત્સાહિત બની ગયા હતા અને તાળીઓના ગડગડાટથી દરેક વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શાળાના આચાર્યાના માર્ગદર્શન હેઠળ દરેક ગૃપના શિક્ષકોએ બાળકોને પ્રાદેશિક નૃત્યની તૈયારી કરાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આજે સેંટ ઝેવિયર્સ સ્કૂલની સ્પોર્ટસ મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા તા. ૨૪મી જાન્યુઆરી શનિવારે સવારે ૯ વાગ્યાથી ૩૦મી એન્યુઅલ સ્પોર્ટસ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પોર્ટસ મીટમાં નર્સરી અન કેજીના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે અને અનેક રમતોની સ્પર્ધાઓ યોજાશે. આ સ્પોર્ટસ મીટ સંસ્કૃતિ કુંજ ખાતે યોજાશે. જેમાં ગાંધીનગરની મેડીકલ કોલેજના એસોસિએટ પ્રાધ્યાપક ડૉ. સેસિલ પરમાર અને તેમના પત્નિ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં બાળકોના વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## આજે ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક તા. ૨૪મી જાન્યુઆરી શનિવારે યોજવામાં આવી છે. આ બેઠક સાંજે ૪.૦૦ વાગે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને પ્લોટ નં. ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨માં યોજાશે. આ માસિક બેઠકમાં સૌ ગાંધીજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધી મિત્ર વર્તુળ છેલ્લા પાંચ વર્ષોથી ગાંધીજીવન દર્શન વિશે વાર્તાલાપ કાર્યક્રમનું આયોજન કરે છે. ગાંધીનગર શહેર અને તાલુકાની શાળાઓમાં ગાંધીજીની આત્મકથાનું ભેટમાં વિતરણ કરે છે. અત્યાર સુધીમાં મિત્રવર્તુળ દ્વારા ૧૪ જેટલી શાળાઓમાં ગાંધીદર્શન વિશે વાર્તાલાપ યોજાયેલ છે અને ૨૫૦૦ જેટલી આત્મકથાની પ્રતો ભેટ અપાઈ ચુકી છે.

### ચશ્માની દુકાનમાં ગ્રાહક બનીને આવેલા

# બે હેન્ડસમ ચોર એક લાખ રૂપિયાનાં ચશ્મા બઠ્ઠાવી ગયા

## સે. ૨૦ અનામીકા ચશ્માઘરમાં ચોરી : મહિલા કર્મચારીની નજર ચુકવી મોંઘાદાટ ત્રણ ચશ્મા સેરવી ગયેલા બંને યુવાનો કેમેરામાં કેદ : પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૨૦ ખાતે સ્થિત અનામીકા ચશ્માઘરમાં ગઈકાલે ચશ્મા ખરીદવા આવેલા બે હેન્ડસમ યુવાનોએ મહિલા



કર્મચારીની નજર ચુકવીને મોંઘાદાટ ત્રણ ચશ્માઓ બઠ્ઠાવી લીધાની ઘટના બનવા પામી હતી. એક લાખ રૂપિયાથી પણ વધુ કિંમતના થતા આ ત્રણ ચશ્માઓ ચોરી જનાર બંને શખ્સો શૉરૂમના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામ્યા છે. વેપારીએ સેક્ટર-૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો છે.

મળતી વિગતો મુજબ ગઈકાલે બપોરના અરસામાં સેક્ટર-૨૦ ખાતે સ્થિત અનામકી ચશ્માઘરમાં બે હેન્ડસમ યુવાનો ચશ્મા ખરીદી કરવા આવ્યા હતા. મોંઘા-મોંઘા ચશ્મા બતાવવાનું યુવાનોએ શૉ-રૂમમાં બેસેલી મહિલા કર્મચારીને કહેતા તેણીએ વિવિધ બ્રાન્ડસના ચશ્માઓ બતાવવાનું શરૂ કર્યું હતું. મહિલા કર્મચારીની નજર ચુકવીને ગ્રાહક બનીને આવેલા બંને હેન્ડસમ ચોર ત્રણ ચશ્માઓ ચોરી ગયા હતા. ગુચી કંપનીના રૂ. ૨૦ હજારની કિંમતના ચશ્મા, ઓકલી કંપનીના રૂ. ૫૨ હજારના ચશ્મા તથા રૂ. ૨૬,૯૦૦ની કિંમતના રેબન કંપનીના ચશ્મા મળીને રૂ. ૧ લાખથી પણ વધુ કિંમતના ત્રણ ચશ્માઓની ઉઠાંતરી કરી બંને સરકી ગયા હતા. સીસીટીવી કેમેરામાં બંને ચોરો કેદ થઈ ગયા છે. વેપારી મૌલીકભાઈ શાંતીલાલ વખારીયાએ સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા પોલીસે સીસીટીવી કેમેરાના કુટેજ મેળવી બંને ચશ્મા ચોરોને પકડવા કમર કસી છે.

# સ્વચ્છતા અંગે ચિત્ર સ્પર્ધા યોજાશે જિલ્લાના ૮૦ હજાર વિદ્યાર્થીઓ જોડાશે

## ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શાળાકક્ષાએ ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે જિલ્લાની તમામ શાળાઓમાં 'સ્વચ્છતા' અંગે એક વિશેષ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માધ્યમિક વિભાગના ૮૦ હજાર વિદ્યાર્થીઓ ભાગ લઈ સ્વચ્છતાના વિષય પર વૈવિધ્યસભર ચિત્રો રજૂ કરશે.

સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે સમગ્ર રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારતના અભિયાનને વેગ આપવા પણ ઠેર ઠેર ગંદકી ઉલેચવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. બીજી તરફ આમ નાગરિકો સ્વચ્છતાના મામલે જાગૃત થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે. શાળાઓમાં પણ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતતતા કેળવાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આગામી તા. ૩૦ જાન્યુઆરીના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શાળાકક્ષાએ વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે. ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓમાં પણ 'સ્વચ્છતા'ના વિષયને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ વિવિધ ચિત્રો રજુ કરશે. જિલ્લાની માધ્યમિક શાળાના ૮૦ હજાર વિદ્યાર્થીઓ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેશે. આ તબક્કે શાળાકક્ષાએ બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવશે.

# ઉનાવા કાંસ કેનાલમાં ગંદુ પાણી ઠલવાતા રોગચાળાનો ભય

## અસહ્ય દુર્ગંધયુક્ત વાતાવરણથી પ્રભાવિત ગ્રામજનોનો સરપંચ સામે આક્રોશ

ગાંધીનગર, તા. ૨૩

ઉનાવામાં કાંસ કેનાલમાં ગંદુ પાણી ઠાલવવાના મામલે સ્થાનિક રહીશો અને ખેડૂતોમાં પ્રબળ આક્રોશ પ્રવત્યો છે. ઉનાવા-રાંધેજા-વાવોલ કાંસમાં દુષિત પાણી નાંખવાના લીધે અસહ્ય દુર્ગંધ પ્રવર્તે છે. જયારે રોગચાળાનો ખતરો મંડરાતા ગ્રામજનોમાં ભયનું મોજુ પ્રવત્યુ છે.

ઉનાવામાં કાંસમાં ગંદુ પાણી નાંખવાના મામલે સરપંચ સામે પ્રબળ આક્રોશ પ્રવત્યો છે. દુષિત પાણીના લીધે દુર્ગંધયુક્ત માહોલમાં ખેતરમાં અવરજવર કરતા ખેડૂતો પણ તોબા પોકારી ગયા છે. ગટરના ગંદા પાણીના લીધે સ્થાનિક રહીશોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. ગ્રામ પંચાયતના સરપંચ કક્ષાએ પણ રજૂઆત કરવા છતા સમસ્યાનું નિરાકરણ આવ્યુ નથી. સ્થાનિક રહીશો અને ખેડૂતો પણ રોગચાળાની ભીતિ સેવી રહ્યા છે. ગ્રામજનોએ આ મામલે કાંસ વિભાગના કાર્યપાલક ઈજનેરને પણ રજૂઆત કરી છે.

# કુડાસણ પાસે નાગરાજ ફાર્મમાં કરંટ લાગતા વાયરમેનનું મૃત્યુ

## રાત્રે ૧૧ વાગ્યે ફાર્મમાં ઈલેકટ્રીક કામ કરતી વખતે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક કુડાસણ રોડ પર સ્થિત નાગરાજ ફાર્મમાં ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ઈલેકટ્રીક કામ કરી રહેલા એક વાયરમેન યુવાનનું અચાનક કરંટ લાગતા કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઈન્ફોસીટી કુડાસણ રોડ પર સ્થિત નાગરાજ ફાર્મ ખાતે ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં અમદાવાદનો બાવળા તાલુકામાં સ્થિત રાસમ ગામના ૩૨ વર્ષીય વાયરમેન યુવાન હારૂનમીયાં ઉસ્માનમીયા સિપાઈ ઈલેકટ્રીક કામ કરી રહ્યો હતો કોઈ રીતે અચાનક તે જીવંત વિજવાયર સાથે અડકી જતાં કરંટ લાગી ગયો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ ગંભીર રીતે દાઝી ગયેલા હારૂનમીયા સિપાઈનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ બનાવની જાણ ઈન્ફોસીટી પોલીસને થતા મહિલા પીએસઆઈ એમ.આર. પટેલ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઉંડાણપૂર્વક તપાસ શરુ કરી છે.

# સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈને મળે છે સર્વોચ્ચ 'સાહિત્ય વાચસ્પતિ' સન્માન

ગાંધીનગર, તા. ૨૩

છેક ઈ.સ. ૧૯૧૦ થી ભાષા સાહિત્ય ક્ષેત્રે કાર્યરત સુપ્રસિદ્ધ પ્રતિષ્ઠાન 'હિન્દી સાહિત્ય સમ્મેલન-પ્રયાગ' દ્વારા વરિષ્ઠ નવલકથાકાર-વાર્તાકાર ડૉ. કેશુભાઈ દેસાઈની અવિરત સાહિત્યસેવાના ઉપલક્ષ્યમાં સંસ્થાનું સર્વોચ્ચ સમ્માન અને ડૉક્ટર ઑફ લિટરેચર 'સાહિત્ય વાચસ્પતિ'ની માનદ ઉપાધિ એનાયત થઈ છે. ડૉ. કેશુભાઈ દેસાઈ ગુજરાતી ભાષામાંથી હિંદીમાં સૌથી વધુ પ્રમાણમાં અનુવાદિત થયેલ સર્જક છે તેથી એમને હિંદી જગતમાં અખિલ ભારતીય સાહિત્યકાર તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલ છે. આ વર્ષે ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપરાંત હિંદીના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર ડૉ. પ્રભાકર ક્ષોત્રિયને પણ 'હિન્દી સાહિત્ય સમ્મેલન'ની આ માનદ ઉપાધિ મળી રહેલ છે. આ માનદ સમ્માન અર્પણવિધિ આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૧૫ના દિવસે ભુજ (કચ્છ) ખાતે હિંદી સાહિત્ય સમ્મેલનના ૬૭માં અધિવેશન પ્રસંગે યોજાશે, એમ સંસ્થાના પ્રતિનિધિ અને પ્રધાનમંત્રી ડૉ. વિભૂતિ મિશ્રની યાદીમાં જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
તેવર : ૧.૩૦, ૭.૩૦

### સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :
બેબી : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
બેબી : ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૦.૧૦
આઈ (હિન્દી) : ૧૨.૨૫
એલોન : ૪.૧૦
આ તે કેવી દુનિયા : ૬.૫૫
બેબી : ૯.૩૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦, ૧.૨૦, ૩.૩૫, ૫.૫૦, ૮.૦૫, ૧૦.૨૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
બેબી : ૩.૩૦, ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૭.૦૦
સ્ક્રીન-૨ :
બેબી : ૧૨.૩૦, ૬.૪૫
ડૉલી કી ડોલી : ૩.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૩ :
ડૉલી કી ડોલી : ૧૧.૦૦, ૫.૦૦
બેબી : ૨.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
ડૉલી કી ડોલી : ૧૦.૦૦
આઈ (હિન્દી) : ૧૨.૧૫
પી.કે. : ૪.૦૦
પતાસ (તેલુગુ) : ૭.૦૦
એલોન : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
બેબી : ૧૦.૦૦
ડૉલી કી ડોલી : ૧૨.૪૫
એલોન : ૩.૪૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
આઈ : ૬.૩૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ચાવડા નવુબા પારખાનજી (ઉ.વ.૮૪) મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જગજીવન પુરુષોત્તમ વ્યાસ (ઉ.વ.૯૩) પ્લોટ નં. ૭૩૯/૧, સે-૨૯, ગાંધીનગર
- સ્વ. રાજપૂત નરેશસિંહ તેતરસિંહ (ઉ.વ.૪૯) મુ. વડાસ્વામી, તા. કલોલ, જી. ગાંધીનગર